PARAJIYA SAMACHAR (MONTHLY) Year : 57 | Issue : 11 | Rs. 10 | Page : 20 | 15, September-2022

શ્રી મોહનભાઈ નાનજીભાઈ ધોરડા તથા શ્રીમતી લાભકુંવરબેન મોહનલાલ ધોરડા, રાજકોટ.
પરજીયા સમાચાર આજીવન નિભાવ ખર્ચ રિઝર્વ ફંડ યોજનાના મુખ્ય દાતા

શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ દ્વારા પ્રકાશિત જ્ઞાતિ મુખપત્ર

છુટક અંક : રૂા. ૧૦/–

માનદ્ તંત્રી : સુનીલભાઈ આર. ધાણક




# પરજીયા સમાચાર

વર્ષ : ૫૭ | અંક : ૧૧ | ૧૫-સપ્ટેમ્બર-૨૦૨૨ | સળંગ અંક : ૬૬૮



દિવ્ય ભાસ્કર **Pride of Saurashtra** 2021 *Best Commercial Mall Of Saurashtra*

Impact Feature

# રાજકોટનો સૌપ્રથમ કોર્પોરેટ જ્વેલરી મોલ એટલે "ગોલ્ડ સુક" જે બન્યો સૌરાષ્ટ્રનું ગૌરવ

દરેક મનુષ્યને પોતાના જીવનમાં એક સ્વપ્ન હોય છે કે, મારે પોતાનું ઘર અને પોતાના બિઝનેસને અનુરૂપ શો-રૂમ તથા શોપ્સ મળી રહે, આ સ્વપ્ન મોટા બિઝનેસ ધારકો, નાના બિઝનેસ ધારકો, મધ્યમ બિઝનેસ ધારકો આમ બધામાં સરખુ જ જોવા મળે છે. તેમા પણ રાજકોટ જેવા સ્વપ્નના શહેરમાં પોતાના બિઝનેસને આગળ ધપાવવા દરેક બિઝનેસમેન પુરતી મહેનત કરતો હોય છે. આ બિઝનેસને યોગ્ય તેમજ મોકાની શો-રૂમ તથા શોપ્સ મળી રહે તો તેના બિઝનેસને ખુબજ ફાયદાકારક તેમજ ઉપયોગી નીવડે છે.

રાજકોટ જિલ્લો છેલ્લા કેટલાક સમયથી રિયલ એસ્ટેટ ક્ષેત્રે ખુબજ પ્રગતિશીલ રહ્યો છે. રાજકોટ જિલ્લામાં રિયલ એસ્ટેટ ક્ષેત્ર માત્ર એક જ એવુ ક્ષેત્ર છે જેમા ઇન્વેસ્ટર તથા ડેવલોપર બન્ને ને ફાયદો મળી રહ્યો છે. તેમા પણ કોમર્શિયલ પ્રોજેક્ટમાં ખુબજ સારું વળતર મળી રહ્યુ છે, તેમા પણ રાજકોટ જિલ્લામાં હવેના સમયમાં સીટીની મધ્યમાં શો-રૂમ્સ કે શોપ્સ લેવાનું સ્વપ્ન ધરાવતા બિઝનેસમેનોનું અધુરૂ જ રહી ગયુ છે. આ સ્વપ્નને સાકાર કરવા તેમજ વ્યવસાયકારોનો બિઝનેસ વધુ આગળ વધે આવા જ ઉદેશથી ગોલ્ડન ડેવલોપર્સ એક ખુબજ સારો પ્રોજેક્ટ લઈને આવ્યા છે અને તે પણ સીટીની એકદમ મધ્યમાં રાજકોટના હૃદય કહેવાતા એરીયામાં એટલે કે "સોની બજાર" માં.

દેશમાં સોનુ એટલે કે જ્વેલરી માટે પ્રખ્યાત તેવી બજાર એટલે કે સોની બજાર જેવા પ્રિમીયમ તેમજ રાજકોટનું હૃદય કહેવાતા વિસ્તારમાં શો-રૂમ તથા શોપ્સથી સુસજ્જ વિશાળ પ્રોજેક્ટ આકાર લઇ રહ્યો છે જેનુ નામ છે "ગોલ્ડ સુક".



ગોલ્ડ સુક પ્રોજેક્ટ રાજકોટનો જ નહીં પરંતુ સૌરાષ્ટ્રનું ગૌરવ સાબિત થયો છે. રાજકોટ તથા સૌરાષ્ટ્રની સોની બજારમાં સૌપ્રથમ કોર્પોરેટ જ્વેલરી મોલ આકાર લઇ રહ્યો છે. આ સૌરાષ્ટ્રના ગૌરવ એવા પ્રોજેક્ટમાં ટોટલ 150 શો-રૂમ તથા શોપ્સની વિશાળ ચોઇસ છે. જેમા 140 ફુટ થી લઇને 1500 ફુટ સુધીની શો-રૂમ તથા શોપ્સ છે.



પ્રાઇડ ઓફ સૌરાષ્ટ્ર એવોર્ડ સ્વિકારતી ગોલ્ડ સોક ટીમ

તદઉપરાંત તમામ સોની બજાર કે સાથે પેલેસ રોડ પર સૌથી વધુ હાડમારી લોકોને પાર્કિંગની છે જેનુ ખુબ ધ્યાન ગોલ્ડ સુકમાં રાખીને ખુબજ વિશાળ પાર્કિંગ વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેમજ દરેક યુનિટમાં પાણી તથા ડ્રેનેજ ઇન આઉટ લાઇનનું પ્રોવિઝન પણ આપવામાં આવેલ છે.





## ગોલ્ડ સુકની વિશેષતાઓ તથા એમેનિટીઝ

- સૌરાષ્ટ્રનો સૌ પ્રથમ જ્વેલરી મોલ
- યુરોપીયન સ્ટ્રક્ચરથી સુસજ્જ
- 140 ફુટ થી 1500 ફુટ સુધીના કાર્પેટ ધરાવતા શો-રૂમ તથા શોપ્સ
- 2 બેઝમેન્ટનું વિશાળ પાર્કિંગ જેમા 45 થી વધુ કાર તથા 250 થી વધુ 2 વ્હિલરનું વિશાળ પાર્કિંગ
- સેફ્ટી તથા સિક્યુરિટીના તમામ ઉપકરણોથી સુસજ્જ
- 24x7 CCTV કેમેરા તથા સિક્યુરિટી
- ફસ્ટ ફ્લોરમાં ડબલ હાઇટેડ શો-રૂમ્સ
- ઉત્તર, દક્ષીણ, પુર્વ તથા પશ્ચિમ આમ ચારેય બાજુથી ઓપન
- RCC ફ્રેમ સ્ટ્રક્ચર
- 2 પેસેન્જર લીફ્ટ તેમજ 1 સર્વીસ લીફ્ટ
- એલિગન્ટ લોબી ફ્લોરિંગ અને ગ્રેનાઇટ/ મારબલ વિટ્રીફાઇડ
- લોબીમાં 2000 સ્કવેર ફુટ વિશાળ વિસ્તાર
- કોમન વિસ્તારમાં ઇમરજન્સી પાવર સપ્લાય માટે ડીજી સેટ
- વિશાળ ટેરસ ગઝેબો તેમજ ટેરેસ કેન્ટીન

એડ્રેસ : સિલ્વર માર્કેટ સામે, હાથી ખાના મેઇન રોડ, શીલ્પા જ્વેલર્સની પાછળ, રાજકોટ | મો. 72108 56789 | 98794 78889




GOLD SOUK

THE JEWELLERY EMPORIUM

Showrooms & Shops

ટૂંક સમય માં રેડી પઝેશન

72108 56789 • 98243 98565

Opp. Silver Market, B/h. Shilpa Jewellers, Rajkot.

Reg. No. PR/GJ/RAJKOT/RAJKOT/Others/CAA06290/061119 • Website : www.gujrera.gujarat.gov.in

# પરજીયા સમાચાર

વર્ષ : ૫૭ અંક : ૧૧ સળંગ અંક : ૬૬૮ / પ્રકાશન : દર માસની ૧૫ મી તારીખે

માનદ્ તંત્રી : **શ્રી સુનીલભાઈ આર. ધાણક** – સહ તંત્રી : **શ્રી હર્ષદભાઈ એચ. સાગર**

સંસ્થાપક/સંરક્ષક/કાર્યાલય : **શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ**

ફૂલછાબ ચોક પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૪૪૬૨૯૩, ૨૪૩૧૫૫૭


## અમારી મુખ્ય પ્રવૃત્તિઓ...

- બોર્ડિંગમાં રહી અભ્યાસ • વ્યવસાય લક્ષી તાલીમ
- આર્થિક સહાય • વૈદકીય રાહત • શિષ્યવૃત્તિઓ
- વિદ્યાર્થીઓના ઉત્કર્ષની પ્રવૃત્તિઓ જેવી કે
- વકતૃત્વ સ્પર્ધાઓ, રમત-ગમત તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
- વી. ડી. પટ્ટણી લાયબ્રેરી • પરજીયા સમાચાર
- જેઠાભાઈ જગડા સ્પોર્ટસ રૂમ • સન્માન સમારંભ

## આપશ્રી અમોને કેવી રીતે મદદરૂપ થઈ શકો?

અમારી પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા...

- એક વિદ્યાર્થીનો ઉત્કર્ષ ખર્ચ (માસિક/વાર્ષિક)
- વિદ્યોતેજક સહાયક ફંડ • સ્કોલરશીપ ફંડ
- પુસ્તક સહાય ફંડ • ફી માટે ભેટ
- ભોજન તિથી ફંડ • અનામત સેવા ફંડ
- મેડીકલ ફંડ • આપને ત્યાં પ્રસંગોપાત ફાળો નોંધાવીને

## વિદ્યોતેજક વિદ્યાર્થી સહાયક કોર્પસ ફંડ માટે રાજકોટ બોર્ડીંગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને અપીલ

રાજકોટ બોર્ડિંગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે પોતાની માતૃસંસ્થાને ઋણ ચૂકવવાની યોજના ચાલુ છે, જેમાં સહભાગી થઇ ફક્ત રૂા. ૧,૦૦૦/-ની રકમ મહામંડળને અર્પણ કરી આપનું યોગદાન આપી આ યોજનાને સફળ બનાવવામાં નિમીત થશો એવી હાર્દિક અપિલ સાથે વિનંતી.

ચેરમેન, શિક્ષણ સમિતિ

## રાજકોટ મહામંડળને કોઇપણ ભેટ મોકલવા માંગતા જ્ઞાતિજનો હવે...

રાજકોટ મહામંડળને કોઈપણ ભેટ મોકલવા માંગતા જ્ઞાતિજનો હવે સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાની કોઇપણ શાખા દ્વારા નીચેના ખાતા નંબરમાં રકમ જમા કરાવી શકશે.

A/c Name :-
**SAMAST PARAJIYA PATTANI SONI GNATI MAHAMANDAL**
Bank :- **STATE BANK OF INDIA**
(SADARBAJAR BRANCH RAJKOT)
**A/c No.:- 66006586804**
**IFSCode No. :- SBIN0060161**

જ્ઞાતિજનોએ ભેટ મોકલાવતી વખતે ઉપરોક્ત ખાતા નંબર અને સંસ્થાનું નામ સ્લીપમાં લખી પહોંચ મેળવીને રાજકોટ મહામંડળને જાણ કરવી, જેથી પાકી પહોંચ આપને રવાના કરવામાં આવશે.

**-મંત્રી, રાજકોટ મહામંડળ**

## આપશ્રીની સહાય એટલે સમાજની પ્રગતિ, આપશ્રીની સહાય એટલે સામાજીક ઉત્થાન.

| આજીવન લવાજમના દર | |
|---|---|
| દેશમાં | ૫૫૧-૦૦ |
| પરદેશમાં | ૫૧૫૧-૦૦ |
| છુટક અંક : રૂા. ૧૦/– | |

| જાહેરાતના દર | | | | |
|---|---|---|---|---|
| સિંગલ કલરમાં... | માસિક | વાર્ષિક | ફોર કલરમાં... | |
| અડધુ પેઈજ | ૫૦૦-૦૦ | ૫૦૦૦-૦૦ | અડધુ પેઈજ | ૨૫૦૦.૦૦ |
| આખુ પેઈજ | ૧૦૦૦-૦૦ | ૧૦૦૦૦-૦૦ | આખુ પેઈજ | ૫૦૦૦.૦૦ |

**www.parajiyasoni.org** - e-mail: parajiyasamachar@yahoo.com

અંકમાં અપાતા લેખ, કૃતિ, અહેવાલ સાથે તંત્રી, સહતંત્રીનું સહમત હોવું આવશ્યક નથી.

તંત્રી સ્થાનેથી...

# આપણી જીવનયાત્રા આનંદ યાત્રા બનવી જોઈએ...

જીવનમાં કોઇપણ ફીલ્ડમાં સફળતા મેળવવા માટેના બે હાઇ-વે છે. એક છે સાતત્ય અને બીજો છે સંવાદ. વારંવાર નિષ્ફળ જવા છતાં પ્રયાસનું સાતત્ય જાળવી રાખે અને ધીરજપૂર્વક પ્રયત્નો કરનારને સફળતા મળ્યા વગર રહેતી નથી.

કેટલાક લોકો લાઇફ ટાઇમ પારાવાર ઉદ્યમ કરવા છતાં એમને સફળતા મળતી નથી. કારણ કે તેઓએ વારંવાર આશંકાઓ કરી કરીને દિશા બદલવાની મૂર્ખામી કરી હોય છે. સાતત્ય એ સફળતાની પૂર્વ શરત છે. ધીરજ, નિષ્ઠા અને ચોકસાઇ એની કન્ડીશન્સ એપ્લાય જેવી બાબતો છે.

ઉણપો અને ભૂલો ઇન્વેસ્ટિગેશન કરતા રહીને પ્રયત્નોનું સાતત્ય જાળવી રાખવું એ તપ છે, એ સાધના છે, નિષ્ફળ જવામાં નાનપ નથી, નિરાશ થવામાં જ નાનપ છે. હારી જવામાં કોઇ કલંક નથી, હતાશ થવામાં જ કલંક છે. સફળતા માટે સાતત્ય જરૂરી છે. અને સાતત્ય માટે નિષ્ફળતામાંથી બોધપાઠ લેતા રહેવાનું ફરજીયાત છે. સફળતા માટે જેમ સાતત્ય જરૂરી છે. તેમ સંવાદ પણ આવશ્યક છે. સંવાદ એટલે સંપર્ક, સંવાદ એટલે સંબંધોના પરિઘનો વિસ્તાર. જે માણસ સંવાદ કરવામાં કુશળ હોય છે. એની પ્રતિક્ષા કામિયાબી સ્વયં કરતી હોય છે. ટુંકમાં જીવવા માટે શ્વાસ અને ઉચ્છવાસ બન્ને જરૂરી છે, તેમ સફળતા માટે સાતત્ય અને સંવાદ પણ જરૂરી છે.

દુર્ભાગ્યની વાત એ છે કે આપણે સંવાદને બદલે વિવાદ કરવામાં વધારે શુરાતન બતાવીએ છીએ. આજના યુગમાં સંવાદ અને સંપર્ક માટેની અનુકુળતાઓ આપણે વધારી છે પણ હકીકતમાં આપણે એકલતા તરફ ઢસળાઈએ છીએ. ઇ-મેઇલ અને એસ.એમ.એસ. અને ફેસબુક જેવા વળગણો વધાર્યા પછી આપણો એકલતાનો અભિશાપ ઓગળતો નથી. પરસ્પર રૂબરૂ મળવાનો આનંદ હવે આપણે ક્યાં માણી શકીએ છીએ. ઔપચારિક સંબંધો, ઔપચારીક વ્યવહારો અને ઔપચારીક સંપર્કોમાંથી સાચી સંવેદના અને ઉષ્મા કેવી રીતે મળે ?

સફળતા અને સુખ કરતાંય અણમોલ એક ચીજ છે એનું નામ છે આનંદ. આપણી જીવનયાત્રા આનંદ યાત્રા બનવી જોઇએ. તેને બદલે આપણે સુખ મેળવવાની મથામણ કરીએ છીએ. જેવી રીતે ઇશ્વરની શોધમાં નીકળેલા માણસે મૂર્તિ મેળવીને સંતોષ માની લીધો એવી જ રીતે આપણે સગવડો અને સાધનોરૂપી સુખ મેળવીને જીવનની સાર્થકતા સમજી લીધી.

ચાલો, આનંદને વેલકમ કરવાના સંકલ્પ સાથે હૃદયના પ્રત્યેક ધબકારની લય ગૂંથીએ!

સુનિલ આર. ધાનક
તંત્રી



॥ જય હિંગળાજ ॥

## સમસ્ત પરજીયા સોની સમાજ દ્વારા આયોજીત



॥ જય વેલેશ્વર મહાદેવ ॥

# શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞ મહોત્સવ



કથા પ્રારભ
તારીખ: ૧૬-૧૧-૨૦૨૨

કથા વિરામ
તારીખ: ૨૨-૧૧-૨૦૨૨

કથા સમયઃ સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ અને સાજે ૩:૦૦ થી ૬:૦૦ વાગ્યા સુધી

: શ્રી કૃષ્ણ જન્મોત્સવ :
તા. ૧૯.૧૨.૨૦૨૨ (સાંજે ૫.૩૦ કલાકે)



કથાના વકૃતા
ભાગવતાચાર્ય શ્રી કશ્યપભાઈ શાસ્ત્રીજી
(મોટા ભાડીયા)

**સ્થળ : સોની વાડી, સુખપર, ફરાદી સીમ, તા. માંડવી-કચ્છ**

## સમસ્ત સોની સમાજના પિતૃ કલ્યાણાર્થે...

## અવસરને ''એકતા યજ્ઞ''માં રૂપાંતર તરીકે શ્રીમદ્ ભાગવત કથામાં પધારવા ભાવભર્યું જાહેર આમંત્રણ

જય માતાજી સાથે અતિ આનંદની લાગણીસહ જણાવવાનું કે કચ્છ જિલ્લામાં રાજાશાહીના સમયથી આપણા જ્ઞાતિજનો દ્વારા તોરણ બાંધીને વસાયેલી આપણી પોતીકી ભૂમિ એલે કે સુખપર (ટીંબો) સોનારાવાળી તા. મુંદરા-કચ્છ. જે ગામ આજથી અંદાજે ૮૫ વર્ષ પૂર્વે વિધર્મ તથા આપણા ભાયાતો વચ્ચે સ્ત્રી માનહાનિ વિશે ધીંગાણું થતા બન્ને પક્ષે કેટલાક જાનહાની થયેલ, આપણા સાગર પરિવારના બે-ચાર ભાઇઓ વીરગતિ પામેલ. જેના પાળિયા આજે મોજૂદ છે. આ વીરગતિ પામેલ ભાઇઓ તથા ત્યાં વસવાટ કરતાં તત્કાલીન સમયના ૧ દિવસથી ૧૦૦ કે વધુ વયના તમામ બાળકથી અબાલ વૃધ્ધ સુધીના અવસાન પામેલ તમામ આત્માઓની સદ્ગતિ અર્થે તથા કચ્છ-કાઠીયાવાડ સોની સમાજ એક તાંતણે બંધાય, રોટી-બેટીનો વ્યવહાર સાચા અર્થમાં શરૂ થાય, ભાગવત ભગવાનને સાક્ષી રાખી મળેલ અવસર એકતા યજ્ઞમાં ફેરવાય તે હેતુથી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ આયોજીત શ્રીમદ્ ભાગવત કથામાં પધારવા માટે ખાસ ભાવભર્યું સૌને જાહેર આમંત્રણ છે.

**અવસરને ''એકતા યજ્ઞ''માં ફેરવવા સાક્ષીરૂપ બનીને ભાવિ પેઢીને માટે મિશાલરૂપ બનો તેવી અભ્યર્થના.**

**નિમંત્રક : મગનભાઇ સાગર (બાપા) રમેશભાઇ થડેશ્વર, અમિતભાઇ વાયા,**
**કચ્છ-માંડવી સંપર્ક : ૯૪૨૬૪૫૭૯૧૩ - ૭૦૧૬૫ ૯૪૯૯૮**

॥ જય શ્રી ભોજાબાપા ॥ ॥ જય શ્રી કુળદેવી માતાજી ॥ ॥ જય શ્રી પંચાણ બાપા ॥

# શ્રીમદ્ ભાગવત સપ્તાહ

## શ્રી ભોજાબાપાના સાનિધ્યમાં ગોકરણ મુકામે (કુતિયાણા)

## તા. ૨-૧૧-૨૦૨૨ થી તા. ૮-૧૧-૨૦૨૨




શ્રી ભોજાબાપા પરિવારને જાણ કરતાં સહર્ષ આનંદની લાગણી સાથે કે,
૧૦૦ વર્ષ કે તેથી પણ વધારે વર્ષ પહેલા આપણા દાદા કે પરદાદાની ઈચ્છા મુજબ
શ્રી ભોજાબાપાના સાનિધ્યમાં ગોકરણ મુકામે
શ્રીમદ્ ભાગવત સપ્તાહ માટેનું આયોજન અને સદી પહેલાના સ્વપ્ન સાકાર થવા જઈ
રહ્યું છે. તો સમસ્ત ભોજાબાપા (ગોઠી) પરિવારને આ ભગીરથ કાર્યમાં
તન + મન + ધન = સૌનો સહકાર જરૂરી

**તન > સૌની અચૂક હાજરી**

**મન > સૌ સાથે મળીને સપ્તાહ શ્રવણ કરવાની**

**ધન > સૌ સાથે મળીને ફુલ અને પાખડી બન્નેનો આપણે સાથ આપવાનો.**

તા. ક. આપ સર્વેને ટુંક સમયમાં આમંત્રણ કાર્ડ મળી જશે.

## BANK DETAIL

BANK NAME : CENTRAL BANK OF INDIA
BHUPENDRA ROAD BRANCH
RAJKOT-360 001. GUJARAT
IFSC CODE : CBIN0280559
ACCOUNT NO. : 3748084140

**ACCOUNT NAME**

SHRI BHOJABAPA MANDIR
SHRI VASANTKUMAR PURSOTTAM GHAGHADA
SHRI DINESHBHAI VITTHALBHAI GHAGHADA
SHRI MAHESHBHAI VITTHALBHAI GHAGHADA

શ્રી ગણેશાય નમઃ શ્રી નવદુર્ગા માતા નમઃ

# પરજીયા પટ્ટણી સોની સોશ્યલ ગ્રુપ-રાજકોટ

## શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ : જાહેર આમંત્રણ

## નવરાત્રી મહોત્સવ-૨૦૨૨

**યા દેવી સર્વભુતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા । નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ॥**

સર્વે જ્ઞાજિનોને જય ભારત સાથ જણાવવાનું કે સૌરાષ્ટ્રનું કેન્દ્ર રાજકોટ મુકામે પરજીયા પટ્ટણી સોની સોશ્યલ ગ્રુપ દ્વારા માતાજીની આરાધનારૂપી નવરાત્રી મહોત્સવ-૨૦૨૨ તા. ૨૬-૦૯-૨૦૨૨ થી તા. ૦૫-૧૦-૨૦૨૨, સંવત ૨૦૭૮ આસો સુદ-૧ થી આસો સુદ-૧૦ દશેરાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

**અક્ષર પાર્ટી પ્લોટ, સિનર્જી હોસ્પિટલ પાસે, ૧૫૦ ફીટ રીંગ રોડ, રાજકોટ.**

**જે ફક્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ માટે જ છે. અને દરેક વ્યક્તિ માટે નિઃશુલ્ક એન્ટ્રી પાસ રાખવામાં આવ્યો છે.**

પણ ખર્ચ તો ઘણાં છે. પાર્ટી પ્લોટ/ગ્રાઉન્ડ, ડી.જે. સાઉન્ડ સિસ્ટમ, લાઇટીંગ, સિક્યોરિટી વિગેરે. જો ખર્ચ ઓછો રાખીને સાદાઇથી કરીએ તો યુવા પેઢી જોડાવવાનું પસંદ નહીં કરે. અને અમારો હેતુ એ છે કે આપણા જ્ઞાતિના દરેક સભ્યો, દિકરીઓ, બહેનો કે માતાઓ એક સ્થળે જ નિશ્ચિંત થઇ પરિવાર સાથે મળીને માતાજીના નવ દિવસ રાસ ગરબા રમવાનો આનંદ માણી શકે. પરજીયા પટ્ટણી સોની સોશ્યલ ગ્રુપ-રાજકોટ દ્વારા અગાઉ ૨(બે) વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯ની સાલમાં સફળતાપૂર્વક નવરાત્રીની ઉજવણી કરી હતી અને બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો પરિવાર સાથે જોડાયા હતા. અમારા ગ્રુપ દ્વારા આપણી જ્ઞાતિ માટે કંઇ કરવાનો અને એક મંચ પર સાથે જોડવાનો એક પ્રયાસ છે.

૨૦૧૯નો જે કુલ ખર્ચ હતો તેના કરતાં આ વખતે જે ભવ્ય આયોજન કરેલ છે તેનો ખર્ચ આગામી વર્ષમાં વધે તેવી પુરી શક્યતા છે. માટે ખર્ચને પહોંચીવળવા અમે ભંડોળ ઉભુ કરવા દેશ-વિદેશ તથા બહારગામ વસતા દરેક જ્ઞાતિજનોને વિનંતી કરીએ છીએ કે તેઓ મન મુકીને આગળ આવો અને અમારા આ માતાજીના યજ્ઞરૂપી કાર્યમા સહયોગ આપો.

**જે કોઇ જ્ઞાતિજન આર્થિક સહયોગ કરવા ઇચ્છતા હોય તો તેઓ ડાયરેક્ટ નીચે મુજબ બેંક એકાઉન્ટમાં રકમ જમા કરાવી શકે છે.**

**બેંક એકાઉન્ટની વિગત :**

Rajkot Nagarik Sahakari BankLtd.
Kevdawadi SVP Road branch Rajkot.
Account Name :
Parajiya PattaniSoni Social group.
Account Number : 012003100026648.
IFSC CODE : RNS80000001

**વધુ વિગત માટે અમારા કમિટી મેમ્બર્સનો સંપર્ક કરી શકો છો.**

શ્રી કુમારભાઇ જે. ધાણક -મો. +૯૧ ૮૦૦૦ ૮૧૪૪૪૮
શ્રી શૈલેષભાઇ બી. પટ્ટણી -મો. +૯૧ ૯૯૯૮૯ ૯૮૯૮૩
શ્રી મહેશભાઇ આર. ધોરડા -મો. +૯૧ ૯૯૭૮૬ ૯૯૭૨૨
શ્રી ભરતભાઇ જે. સાગર -મો. +૯૧ ૯૦૯૯૬ ૧૨૩૩૩
શ્રી મહેશભાઇ વી. ઘઘડા -મો. +૯૧ ૯૮૨૪૦ ૩૧૫૧૮

**પરજીયા પટ્ટણી સોની સોશ્યલ ગ્રુપ-રાજકોટ કમિટી મેમ્બર્સના**
**જય જ્ઞાતિ મૈયા... જય માતાજી... જય શ્રી કૃષ્ણ... જય સ્વામિનારાયણ**

**કુળદેવી શ્રી મોમાઇ માતાજીનો મઢ-બગસરા (ભાયાણી)**

# ધકાણ પરિવાર જોગ : નવરાત્રી મહોત્સવ-૨૦૨૨

શ્રી રાજ રાજેશ્વરી શ્રી ધકાણ કુટુંબના કુળદેવી શ્રી મોમાઇ માતાજી મઢ બગસરા યાદી જણાવે છે કે દર વર્ષની જેમ આ વર્ષે પણ માતાજીના સાનિધ્યમાં નવરાત્રીની ધામધૂમ પૂર્વક ઉજવણી ઉજવીએ તથા નવમે નોરતે માંનો યજ્ઞ રાખેલ છે. તો સર્વે ધકાણ પરિવારને લાભ લેવા આમંત્રણ છે.

નવરાત્રી પ્રારંભ તા. ૨૬-૦૯-૨૦૨૨ આસો સુદ એકમને સોમવારે થશે. માંના નિવેદ આઠમ તા. 03-૧૦-૨૦૨૨ના બપોરે ૧૨.00 કલાકે રાખેલ છે. તેમજ ૪.00 કલાકે માં ને છપ્પન ભોગ રાખેલ છે. તા. 0૪-૧૦-૨૦૨૨ને મંગળવારે નવમે નોરતે માં નો યજ્ઞ છે, અને બીડુ હોમ બપોરે ૪.30 કલાકે રાખવામાં આવેલ છે તથા દરેક મહેમાનો માટે બપોરે ૧૨.30 કલાકે પ્રસાદ તથા ફરાળની વ્યવસ્થા રાખેલ છે.

તો દરેક ધકાણ પરિવારને આ લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.

**શુભ સ્થળ : શ્રી મોમાઇ માતાજીનો મઢ-બગસરા (ભાયાણી) ફોન : ૦૨૭૯૬-૨૨૧૮૮૭**

ટ્રસ્ટીશ્રી, હસુભાઇ બાબુભાઇ ધકાણ-મો. ૯૯૭૯૪ ૫૪૬૦૦

**લી. શ્રી મોમાઇ માતાજીનો મઢ બગસરા (ભાયાણી)**

# સમસ્ત થડેશ્વર પરિવાર જોગ

સહર્ષ ખુશાલી સાથ જણાવતા અતિ હર્ષની લાગણી અનુભવીએ છીએ કે સમગ્ર થડેશ્વર પરિવારની કુળદેવી ભગવતી રાજ રાજેશ્વરી ત્રિગુણાત્મીકા દેવીમાં કૃપા નિધાન શ્રી ચામુંડા માંની કૃપા દ્રષ્ટી, શુભ આશિષ કાયમ માટે સમગ્ર થડેશ્વર પરિવાર પર ઉતરે એ દ્વારા સુખ, શાંતિ, વૈભવ, આરોગ્ય પ્રાપ્તિ અને માં કુળદેવીની ભક્તિ પ્રાપ્તિ થાય એ માટે દર વર્ષે ત્રણ ઉત્સવો મહા ધામધૂમપૂર્વક અને અતિ ઉલ્હાસ અને ઉમંગથી શ્રધ્ધા, ભક્તિ, વિશ્વાસના સંગાથે ઉજવવામાં આવે છે.

આ વખતે પણ સંવત ૨૦૭૮ના આસો સુદ-૮ને સોમવાર તા. ૩-૧૦-૨૦૨૨ના શુભ દિવસે યોજવામાં આવેલ છે. જે યજ્ઞના મુખ્ય યજમાન શ્રી તથા માતાજીનું ષોડશોપચાર પુજનના યજમાન શ્રી વસંતરાય ભીખાલાલ-અમદાવાદ છે.

**બિડુ હોમવાનો સમય :**

**બપોરે ૧.00 કલાકે તથા મહા પ્રસાદનો સમય : બપોરે ૧.30 કલાકે રાખેલ છે.**

ઉપરોક્ત ત્રણે શુભ મહા પ્રસંગોમાં આપ સૌ સહકુટુંબ પધારી શ્રી યજ્ઞનારાયણના અમૂલ્ય દર્શનનો લાભ મેળવો એવું આગ્રહભર્યું નિમંત્રણ છે.

**લી. અશોકભાઇ નાથાલાલ થડેશ્વર તથા શ્રી હરિભાઇ પરસોત્તમભાઇ થડેશ્વર.**

# સમસ્ત ધાણક પરિવાર જોગ

આપણા કુળદેવી શ્રી મોમાઇ માતાજીની અસિમ કૃપાથી તથા સુરાપુરાદાદાના આશિર્વાદથી ખજુરી ગુંદાળા મુકામે હવનનું આયોજન કરેલ છે. આસો સુદ દશમ તા. ૫-૧૦-૨૦૨૨ બુધવારના રોજ દર વર્ષ મુજબ માતાજીના હવનનું આયોજન કરેલ છે તો દરેક ધાણક પરિવારને ભાવભર્યું આમંત્રણ.

**હવનનો સમય : સવારે ૭.૦૦ વાગ્યે - બીડુ હોમવાનો સમય : બપોરે ૧.૦૦ વાગ્યે**

**જયેશભાઇ લાલજીભાઇ ધાણક - ૯૪૨૮૨ ૮૪૦૩૮, ૯૫૭૪૯ ૭૮૦૦૫**

હવનમાં બેસનાર વ્યક્તિએ આગલી રાત્રે પહોંચી જવા વિનંતી.

**મોમાઇ માતાજી મઢ કમીટી, ખજુરી ગુંદાળાના જય માતાજી.**



# જ્ઞાતિ ગૌરવ : ખુબ ખુબ અભિનંદન

**૨૧૦૦/- ખુશી ભેટ** : બાહરીન : ચિ. વિક્રમ દશમાં ધોરણમાં સી.બી.એસ.ઇ. બોર્ડમાં ૭૭% માર્કસ મેળવી પાસ થયેલ છે, તેઓ શ્રી હિતેશભાઇ મનસુખલાલ રાઠોડ તથા શ્રીમતી મિનાક્ષી હિતેશભાઇ રાઠોડના પુત્ર તથા માધવપુરવાળા હાલ બાહરીન નિવાસી શ્રી મનસુખલાલ કેશવલાલ પ્રાગજી રાઠોડ તથા શ્રીમતી કલાવંતી મનસુખલાલ રાઠોડના પૌત્ર થાય, જે હાલમાં ઇન્ડિયન સ્કૂલ બાહરીનમાં અભ્યાસ કરે છે. રૂા. ૨૧૦૦/- ખુશી ભેટ મળેલ છે.





ISO 9001-2008

R.O.

Reverse Osmosis

શુધ્ધ પાણી... તંદુરસ્ત જીવન




*conditions apply

પાણી જન્ય રોગો જેવાકે પેટમાં પથરી થવી, ચોમાસામાં જાળા, ઉલટી, મલેરીયા, વગેરે જેવા ભયજનક રોગોથી તમે અને તમારા પરિવારને બચાવવા માટેનો સરળ ઉપાય

નળ ન આવવો, બહારથી ભરવા જવું, ગેસમાં પાણી ઉકાળવું વગેરે ઝંઝટથી છુટકારો મેળવવા

બોર તથા નળના ગંદા પાણીને પણ ફિલ્ટર કરી મીઠું બનાવે છે

SHREEJI MAX


N.R. RANPARA 9016337010

Diwanpara Main Road, Opp.Vishvakarma temple,
Jalaram Complex-206, Rajkot.

જા×ખ-૨૦૨૨

Viraj Bangles

મિલનભાઈ સોની +918758484694



# વિરાજ બેંગલ્સ

exclusive ગોલ્ડ કોપર (ગાભા) કડલી.

ઓડર તથા અરજંટ બનાવી આપવામાં આવશે. 22 કેરેટ સુધ્ધતા ની ગેરેંટી.

216, રાજ પ્લાઝા, પેલેસ રોડ, રાજકોટ.

જા×ખ-૨૦૨૨

વજૂભાઈ ઘઘડા +91 9974561053
કિશનભાઈ ઘઘડા +91 9898878791

ચુડલા SPECIALIST

# કાંઈ ના ઘટે....



- ✓ ગરંટેડ ચુડલા
- ✓ ઓછા વજનમાં
- ✓ વ્યાજબી ભાવ
- ✓ સમયસર ડિલવરી
- ✓ આકર્ષક ડિઝાઈનો

WHATSAPP દ્વારા ચુડલાના ઓર્ડર લેવામા આવશે : +91 97142 44441 | કુરયર સુવીધા ઉપલબ્ધ છે

# વાઘેશ્વરી ગોલ્ડ આર્ટ રાજકોટ

જા×ખ-મે-૨૦૨૨ થી એપ્રિલ-૨૦૨૩

યશ ભુપેન્દ્ર હંજ
એડવાઈઝર

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

7990467453
9898047304

- લાઈફ ઈન્સ્યુરન્સ
- મેડીકલેઈમ
- ઈન્વેસ્ટમેન્ટ

એડવાઈઝર

નવી પોલીસી, મેડીકલેઈમ તેમજ ઇન્વેસ્ટમેન્ટ અંગેના માર્ગદર્શન માટે સંપર્ક કરો.

**લાઈફ પ્લસ** | ૧૧૧-કૃતિ કોમ્પલેક્ષ, જનતા ડેરી સામે, સેલસ હોસ્પિટલ પહેલા, રૈયા સર્કલ પાસે, રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૭

જા×ખ-૨૦૨૨

નરોત્તમભાઈ ધકાણ (LIC વાળા)
નિર્મળભાઈ ધકાણ



M. 9409018408
98255 98947
R. 0281-2571320
99791 11250

# શ્રી મોમાઈ કૃપા ટ્રાવેલ્સ

A/c., Non A/C. ઈનોવા, ટ્રાવેરા, ઈન્ડીગો, સ્વીફ્ટ, ક્રુઝર, ઈકો, ટેમ્પો ટ્રાવેલ્સ, મીની બસ, મોટી બસ, વિસ્ટા, અર્ટીગા




::: સરનામુ :::
"શ્રીજી સદન", અમીન માર્ગ,
જી-સૂર્યપાર્કની સામે,
શેરી નં. ૩, રાજકોટ.



જા×ખ-ફેબ્રુ.૨૨-જાન્યુ.૨૩

**Dr.Dhakaan's**
FITNESS KRANTI

**"ડો.ધકાણ્સ ફિટનેસ ક્રાંતિ" ના મેમ્બર્સ જેમણે ફક્ત ૨ થી ૧૨ મહિનાની અંદર '*૧૮ થી ૫૫*'કિલો જેટલું વજન ઘટાડયું, કોઇ પણ પ્રકારની દવા કે ઉકાળા ના ઉપયોગ વગર, ફક્ત અને ફક્ત ૨૫૦૦ વર્ષ જુની આહાર ચિકિત્સા દ્વારા અને સાથોસાથ આજીવન માટે "ફિટઅનેફાઇન" થઇ ગયા.(વજન ઉતર્યા બાદ આજીવન વજન વધે નહી)**




**વજન ઉતરવાની સાથે અન્ય બીજા જીવલેણ રોગ જેમકે ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલવા, ગઠીયા, વેરીકોસ વેન્સ, ગોઠણ નો ઘસારો, કબજિયાત, ગર્ભ ના ધારણ થવું, માસિક અનિયમિતતા, થાઇરોઈડ, ખીલ, અનીન્દ્રા, દુર્બલતા, જુની શરદી, અપચો જેવા અનેક રોગોથી ૩૦ દિવસ માજ મુક્તિ/રાહત મેળવ્યાના પ્રમાણ છે.**

**માટે ઉપરોક્ત કોઇપણ મુશ્કેલી ના સંદર્ભે આપ પણ સંપર્ક કરી શકો છો:**

**ડો. ધકાણ્સ ફિટનેસ ક્રાન્તિ**

**ફોન ઉપર અપોઇન્ટમેન્ટ લઇ નેજ આવા વિનંતી.PH:7359994995(watsapp)**
**Watsapp થી સંપુર્ણ કોર્સની માહિતી મેળવી શકો છો.**
**ડો.ચિરાગ ધકાણ M.D(A.M)**

**વિશેષનોંધ: વિદેશ રહેતા ભાઇ બહેનો ઇટરનેટથી પણ આ કોર્સનો લાભ લઈ શકે છે.**
Like us on **www.facebook.com/DRDHAKAANS E-MAIL : drdhakaans@yahoo.com**

જા×ખ-૨૦૨૨

# ભેટની યાદી

**ગતઃ માસ દરમ્યાન નીચે મુજબ દાન-ભેટ મળેલ છે,**
**તે બદલ મહામંડળ દાતાઓનો આભાર માને છે.**

## શુભ વેવિશાળ પ્રસંગે ખુશી ભેટ



ઉના નિવાસી શ્રીમતી રેખાબેન તથા નંદલાલ મોહનભાઇ ધકાણના સુપુત્ર ચિ. પિયુષનું શુભ વેવિશાળ ડેડકડીવાળા હાલ સાવરકુંડલા નિવાસી શ્રીમતી કુસુમબેન તથા રમેશભાઇ ભગવાનભાઇ સાગરની સુપુત્રી ચિ. નિશા સાથે તા. ૨૪-૦૭-૨૦૨૨ અષાઢ વદ-૧૧ને રવિવારે સાવરકુંડલા મુકામે શ્રીફળ વિધી અને ચુંદડી ઓઢાડેલ તે શુભ પ્રસંગે બન્ને પક્ષ તરફથી ખુશી ભેટ.

૧૦૦૦/- શ્રી નંદલાલભાઇ મોહનભાઇ ધકાણ
૫૦૦/- શ્રી રમેશભાઇ ભગવાનભાઇ સાગર
૧૫૦૦/-



નંદાણાવાળા સ્વ. નરસીભાઇ ગોરધનદાસ ધકાણ તથા ગં.સ્વ. શારદાબેન નરશીભાઇ ધકાણના પૌત્ર હાલ રાજકોટ નિવાસી સરલાબેન કિશોરભાઇ ધકાણના સુપુત્ર ચિ. રવિકુમાર (B.E. in IT)નું શુભ વેવિશાળ શ્રીફળ વિધી ભાવનગર નિવાસી સ્વ. ધીરજલાલ ચીમનલાલ ધાણકની પૌત્રી તથા સ્વ. હરેશભાઇ ધીરજલાલ ધાણક તથા સ્વ. જ્યોત્સનાબેન હરેશભાઇ ધાણકની સુપુત્રી ચિ. હેતલ (M.A. in English) સાથે સંવત ૨૦૭૮ના શ્રાવણ સુદ-૧૦ને રવિવાર તા. ૭-૦૮-૨૦૨૨ના શુભ દિવસે ભાવનગર મુકામે સંપન્ન થયેલ તે શુભ પ્રસંગે ખુશી ભેટ.

૫૦૧/- કિશોરભાઇ નરસીભાઇ ધકાણ-રાજકોટ
૫૦૧/- સ્વ. હરેશભાઇ ધીરજલાલ ધાણક-ભાવનગર (હ. વિવેકભાઇ હરેશભાઇ ધાણક તથા મિલાપભાઇ હરેશભાઇ ધાણક)
૧૦૧/- બિપીનભાઇ બી. ધાણક-ભાવનગર
૧૦૧/- ભરતભાઇ બાબુલાલ ઘઘડા-જામનગર
૧૦૧/- ભરતભાઇ માધવજીભાઇ ધોરડા-રાજકોટ
૧૩૦૫/- રાજકોટ બોર્ડિંગને ખુશી ભેટ.

આ શુભ પ્રસંગના યશભાગી બનેલ એવા શુભેચ્છક શ્રી બિપીનભાઇ બી. ધાણક (ભાવનગર) તથા શ્રી ભરતભાઇ માધવજીભાઇ ધોરડા (રાજકોટ) તથા શ્રી મુકેશભાઇ નરશીભાઇ ધકાણ (નંદાણા)ને પણ ખુબ ખુબ અભિનંદન.

# મેડિકલ સહાય માસિક યોજનામાં દર માસે ભેટ



કલ્બા (યુ.એ.ઇ.) નિવાસી હેમરાજભાઇ દેવકરણભાઇ વાયા તરફથી સ્વ. સવિતાબેન હેમરાજભાઇ વાયાના સ્મરણાર્થે દર માસે રૂા. ૧૦૦૧ × ૨૪ માસ=૨૪૦૨૪/- મેડીકલ સહાય ફંડમાં ભેટ. (ઓગષ્ટ-૨૦૨૧ થી જુલાઇ-૨૦૨૩)

---

૨૪૦૦૦/- જેતપુરવાળા, હાલ શારજાંહ નિવાસી શ્રી પ્રકાશભાઇ જયંતિભાઇ ઘઘડા (સી.જી. ગોલ્ડ સ્મિથ) તરફથી દર માસે રૂા. ૧૦૦૦/- લેખે ૨૪ માસ (બે વર્ષ) સુધી મેડીકલ સહાયમાં ભેટ. (નવે.૨૦૨૧ થી ઓક્ટો.-૨૦૨૩)

---



૨૪૦૦૦/- વેરાવળવાળા હાલ દુબઇ (યુ.એ.ઇ.) નિવાસી શારદાબેન નાનજીભાઇ સાગર (ઉ.વ. ૯૨) ના સ્મરણાર્થે દર માસે રૂા. ૧૦૦૦/- લેખે ૨૪ માસ (બે વર્ષ) સુધી મેડીકલ સહાયમાં ભેટ. (જુન-૨૦૨૧ થી મે-૨૦૨૩)

---



મૂળ તરસાઇવાળા હાલ રાજકોટ નિવાસી સ્વ. ગીતાબેન પ્રવિણકુમાર ઘઘડાના સ્મરણાર્થે દર માસે રૂા. ૧૦૦૧ × ૧૨ માસ=૧૨૦૧૨/- મેડીકલ સહાય ફંડમાં ભેટ. હ. વિકાસભાઇ પ્રવિણભાઇ ઘઘડા (સપ્ટે. ૨૦૨૧ થી ઓગષ્ટ-૨૦૨૨)

---



૧૦૦૧.૦૦ મેડીકલ ફંડમાં દર માસે માસિક ભેટ
શ્રી નાનુભાઇ હરિદાસભાઇ ધકાણ
(સીનીયર મોસ્ટ) કારોબારી સભ્ય, મહામંડળ, રાજકોટ.
હ. શ્રી અશોકભાઇ નાનાલાલ ધકાણ

---

૧૨૦૧૨/- એક વૈષ્ણવભાઇ તરફથી મેડીકલ સહાય ફંડમાં ભેટ
(ઓગષ્ટ-૨૦૨૨ થી જુલાઇ-૨૦૨૩)

---



૧૨૦૧૨/- વેરાવળવાળા સ્વ. પ્રભુદાસભાઇ લખુભાઇ ધકાણના સ્મરણાર્થે તેમના દોહિત્ર શ્રી સ્નેહલ જયંતિલાલ પટ્ટ તરફથી (સિદ્દી જ્વેલર્સ-શારજાંહ (યુ.એ.ઇ.) દર માસે રૂા. ૧૦૦૧/- લેખે ૧૨ માસ (ફેબ્રુ.૨૨ થી જાન્યુ.૨૩) સુધી મેડિકલ સહાયમાં ભેટ.

---



૧૨૦૧૨/- બ્હેરીનવાળા સ્વ. જયંતિલાલ લખુભાઇ પટ્ટના સ્મરણાર્થે તેમના પુત્ર શ્રી સ્નેહલ જયંતિલાલ પટ્ટ તરફથી (સિદ્દી જ્વેલર્સ-શારજાંહ (યુ.એ.ઇ.) દર માસે રૂા. ૧૦૦૧/- લેખે ૧૨ માસ (ફેબ્રુ.૨૨ થી જાન્યુ.૨૩) સુધી મેડિકલ સહાયમાં ભેટ.

# મેડિકલ સહાય માસિક યોજનામાં દર માસે ભેટ

૧૨૦૧૨/- નવાગામવાળા, હાલ અબુધાબી નિવાસી મહેન્દ્રભાઇ જમનાદાસભાઇ પટ્ટણીના સ્મરણાર્થે (અજંતા જ્વેલર્સ ગોલ્ડ શુક) હ. શ્રી તુષારભાઇ મહેન્દ્રભાઇ પટ્ટણી (ફેબ્રુઆરી-૨૦૨૨ થી જાન્યુઆરી-૨૦૨૩)

૧૨૦૧૨/- ઉપલેટાવાળા, હાલ દુબઇ નિવાસી શ્રી હસમુખભાઇ નાથાલાલ ઘઘડા તરફથી (યાસિન જ્વેલર્સ, ગોલ્ડ શુક)(ફેબ્રુઆરી-૨૦૨૨ થી જાન્યુઆરી-૨૦૨૩)

૧૨૦૧૨/- લોટકાવડાળા વાળા, હાલ શારજાંહ નિવાસી શ્રી સુરેશભાઇ દેવરાજભાઇ ધાનક તરફથી (ગલ્ફ ગોલ્ડ સ્મિથ) (ફેબ્રુઆરી-૨૦૨૨ થી જાન્યુઆરી-૨૦૨૩)


૧૨૦૧૨/- વેરાવળવાળા, હાલ શારજાંહ નિવાસી સ્વ. શ્રી ભુટાભાઇ માવજીભાઇ સાગરના સ્મરણાર્થે (હ. શ્રી હરેશભાઇ ભુટાભાઇ સાગર) અલશુર ગોલ્ડ સ્મિથ (ફેબ્રુઆરી-૨૦૨૨ થી જાન્યુઆરી-૨૦૨૩)

૧૨૦૧૨/- મેંદરડાવાળા, હાલ રાજકોટ નિવાસી સ્વ. કનૈયાલાલ અમૃતલાલ જગડાનાં સ્મરણાર્થે સુભદ્રાબેન કનૈયાલાલ જગડા તથા શ્રી કિરણકુમાર કનૈયાલાલ જગડા તથા શ્રી પરેશકુમાર કનૈયાલાલ જગડા તરફથી દર માસે રૂા. ૧,૦૦૧/- લેખે બાર માસ સુધી મેડીકલ સહાય ફંડમાં ભેટ. (જુન-૨૦૨૨ થી મે-૨૦૨૩ સુધી)

# આર્થિક સહાય યોજનામાં ભેટ

૧૨૦૧૨/- એક વૈષ્ણવભાઇ તરફથી આર્થિક સહાય ફંડમાં ભેટ (જુલાઇ-૨૦૨૨ થી જુન-૨૦૨૩ સુધી)

# સાદુ ભોજન તિથી કોપર્સ ફંડમાં દર માસે ભેટ





દ્વારકાવાળા ગોરધનદાસ મનજીભાઇ ઘઘડા તથા મણીબેન ગોરધનદાસ ઘઘડાના સ્મરણાર્થે દર માસે રૂા. ૧૫૫૧/- × ૧૨ માસ = ૧૮૬૧૨/- સાદુ ભોજન તિથી કોપર્સ ફંડમાં ટંક એક બાર માસ માટે ભેટ.

હ. ભાઇલાલ ગોરધનદાસ ઘઘડા, દિનેશભાઇ ગોરધનદાસ ઘઘડા, રમેશભાઇ ગોરધનદાસ ઘઘડા


(ડિસેમ્બર-૨૦૨૧ થી નવેમ્બર-૨૦૨૨ સુધી)

# વિદ્યોત્તેજક વિદ્યાર્થી સહાયક કોપર્સ ફંડમાં દાન

૧૦૦૦/- શ્રી નવનીતલાલ રામજીભાઇ ધાણક-રાજકોટ તરફથી વિદ્યોતેજક વિદ્યાર્થી સહાયક કોપર્સ ફંડમાં માતૃ સંસ્થાને ઋણ ચુકવવાની યોજનામાં ભેટ.

## મિષ્ટાન ભોજન તિથી ફંડમાં દાન


૨૭૫૧/- (અંકે રૂપિયા બે હજાર સાતસો એકાવન)



કરાચીવાળા સ્વ. ધોરડા મુળજીભાઇ લાંબાભાઇ સંવત ૨૦૪૫ વૈશાખ સુદ બીજના શ્રીજીચરણ પામેલ, તેમના શ્રાધ્ધ નિમીતે (ભાદરવા સુદ-૨) બોર્ડિંગના વિદ્યાર્થીઓને મિષ્ટાન સાથે ભોજન પેટે ભેટ આપેલ છે.

પુત્ર : રમેશચંદ્ર મુળજીભાઇ ધોરડા
પુત્રવધુ : શિલાબેન રમેશચંદ્ર ધોરડા
પૌત્ર : વિમલભાઇ રમેશચંદ્ર ધોરડા
વિરલભાઇ રમેશચંદ્ર ધોરડા
અમરેલી તરફથી સપ્રેમ ભેટ.

## અન્ય ભેટ



૫૦૧/-
વિરનગરવાળા, હાલ રાજકોટ નિવાસી સોની સ્વ. મોહનલાલ નથુભાઇ ચલ્લા (ઉ.વ. ૮૭) તા. ૨૬-૦૭-૨૦૨૨ને મંગળવારના રોજ શ્રીજીચરણ પામતા તેઓની ધાર્મિક ઉત્તરક્રિયા તા. ૬-૮-૨૦૨૨ને મંગળવારના રોજ રાખેલ તે નિમીતે ભેટ.

## મેડિકલ સહાય ફંડમાં દાન

**૧૧,૧૧૧/-**
**(અંકે રૂપીયા અગીયાર હજાર એકસો અગીયાર પુરા)**

**સ્વ. વિઠ્ઠલદાસ ભુરાભાઇ ધકાણ**
**સ્વ. જસોદાબેન વિઠ્ઠલદાસ ધકાણ**
**બગડુવાળા, હાલ રાજકોટ નિવાસી**
**તા. ૧૦-૦૮-૨૦૨૨ના રોજ વાસ્તુ નિમીતે મેડિકલ સહાય ફંડમાં ભેટ.**

**રસિકલાલ વિઠ્ઠલદાસ ધકાણ-રાજકોટ**
**કુંદનબેન રસિકલાલ ધકાણ**
**મનય રસિકલાલ ધકાણ-રાજકોટ**
**પ્રિયંકા મનયભાઇ ધકાણ**
**ચિ. નૈયંકા મનયભાઇ ધકાણ**

## જ્ઞાતિ ગૌરવ : ખુબ ખુબ અભિનંદન





**સુધારો :** ગતાંક ઓગષ્ટ-૨૨ના અંકમાં પાના નં. ૧૧ ઉપર ધોરાજીવાળા હાલ મેંદરડા (જુનાગઢ) નિવાસી શ્રીમતી જાગૃતીબેન તેમજ શ્રી વિજયભાઇ ગોરધનદાસ થડેશ્વરના સુપુત્રી ચિ. મુસ્કાનબેન તથા સુપુત્ર ચિ. નિલ વિજયભાઇ થડેશ્વરની જ્ઞાતિ ગૌરવની જાહેર ખબરમાં શરતચુકથી મોબાઇલ નંબર ખોટો છપાયેલ છે, જે મો.નં. ૯૮૭૯૬૪૦૯૪૮ સુધારીને વાંચવા વિનંતી.

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જેતપુરવાળા હાલ બાહરીન નિવાસી

## અ.સૌ. ઉષાબેન કિશોરભાઈ કાગદડા (ચોક્સી)

**(ઉ.વ. ૭૧)**

**તા. ૨૧-૦૮-૨૦૨૨ને શ્રાવણ વદ-૧૦ રવિવારના રોજ**
**મુંબઇ મુકામે શ્રીજીચરણ પામેલ છે.**

તેઓ કિશોરભાઇ બાબુભાઇ કાગદડા (ચોક્સી)ના ધર્મપત્ની,
તે બંસરી અને જીત (સિધ્ધાંત)ના માતુશ્રી અને ચંદ્રકાંતભાઇ અને
ભાવનાબેન કિશોરભાઇ થડેશ્વરના ભાભી અને પુષ્પાબેનના જેઠાણી તેમજ
તે મણીબેન જમનાદાસ વીરજીભાઇ ઘઘડા (ઉપલેટાવાળા)ના દિકરી થાય.
તેમની ધાર્મિક ઉત્તરક્રિયા તા. ૧-૦૯-૨૦૨૨ને ગુરૂવારના રોજ
નાસિક મુકામે રાખેલ હતી.

(હ. રાજેનભાઇ ઘઘડા)

A#M-2022

# ''ન તેને છેદતા શસ્ત્રો, ન તેને અગ્નિ બાળતો ન તેને ભીંજવે પાણી, ન તેને વાયુ સૂકવે''

## અવસાન નોંધ

દેવગામવાળા સોની મુળજીભાઇ પરસોત્તમભાઇ જગડા (ઉ.વ. ૭૫) તા. ૨૫-૦૮-૨૦૨૨ને ગુરૂવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.

---

કેન્યા નિવાસી સોની બિપીનભાઇ પ્રેમજીભાઇ બાગા (બીપીન સોની) તા. ૦૮-૦૮-૨૦૨૨ને સોમવારના શ્રાવણ સુદ-૧૧ સંવત ૨૦૭૮ના રોજ નાઇરોબી મુકામે શ્રીજીચરણ પામેલ છે.

---

યુ.કે. નિવાસી સોની કિશોરભાઇ ડાયાલાલ માવજી કતીરા તા. ૨૧-૦૮-૨૦૨૨ને રવિવારના રોજ લેસ્ટર યુકે મુકામે શ્રીજીચરણ પામેલ છે.

---

ઓસ્ટ્રેલીયા સોની જયાબેન દામજીભાઇ ઘઘડા (ઉ.વ. ૧૦૧) તેઓ દામજીભાઇ નથુ ઘઘડાના ધર્મપત્નિ, ગીરધરભાઇ દામજી નથુ, તથા હીરાબેન ક્રિષ્નાજીવન કારા ધાણક તથા મંજુલાબેન ચંદ્રકાંત કરશનદાસ હરીલાલ સતિકુંવરના માતુશ્રી તેમજ કંચનબેન ગીરધરલાલ દામજી નથુ ઘઘડાના સાસુ, સ્વ. જેઠાલાલ વાલજી ધાણક (ગીંગણી-જામજોધપુર)ના દિકરી, સ્વ. મગનલાલ જેઠાભાઇ ધાણકના બહેન, ભારતીબેન ધીરજલાલ વાયા (ભીંડાવાળા) સ્વ. દિનેશભાઇ (દુબઇ), હરેશભાઇ (અમદાવાદ), ભદ્રાબેન દિલીપકુમાર ધકાણ (મુંબઇ), ભાવનાબેન નરેનકુમાર ધકાણ (રાજકોટ) રાજેશભાઇ, અજયભાઇ, સોનલબેન નિલેશકુમારના ફઇબા તા. ૨૮-૦૮-૨૦૨૨ને રવિવાર ભાદરવા સુદ-૧ સંવત ૨૦૭૮ના રોજ ઓસ્ટ્રેલીયા મુકામે શ્રીજીચરણ પામેલ છે.

---

કમળાપુરવાળા હાલ અમદાવાદ નિવાસી સ્વ. ગીરધરભાઇ કેશવજીભાઇ ધોરડાના ધર્મપત્ની ચંદ્રીકાબેન ગીરધરભાઇ ધોરડા (ઉ.વ. ૭૨) તેઓ ગૌતમભાઇ ગીરધરભાઇ ધોરડા, નીરવ ગીરધરભાઇ ધોરડા, રેખાબેન જગદિશકુમાર ધકાણ, હંસાબેન હર્ષદકુમાર ધકાણ, આરતીબેન રાકેશકુમાર સુરૂ, આશાબેન મુકેશકુમાર થડેશ્વર, હિનાબેન સંજયકુમાર સાગરના માતુશ્રી તથા સ્વ. નટવરલાલ દામોદરભાઇ ધકાણ (આણંદપુર-ભાડલાવાળા)ના દિકરી તા. ૦૪-૦૯-૨૦૨૨ને રવિવારના રોજ અમદાવાદ મુકામે શ્રીજીચરણ પામેલ છે.

**પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતશ્રીઓના આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ અભ્યર્થના...**

## ▶▶▶ પરજીયા સમાચાર ગ્રાહક જોગ ◀◀◀


**શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ, રાજકોટની માલિકીનું સમાજોપયોગી, પ્રવૃત્તિનું મહત્વનું પ્રકાશન ''પરજીયા સમાચાર'' માસિક - જાન્યુઆરી ૧૯૬૭થી નિયમિત પ્રકાશિત થાય છે.**

**'પરજીયા સમાચાર' માસિકનો વિશાળ વાંચક વર્ગ સ્થાનિક તથા દેશ-વિદેશમાં વસવાટ કરે છે. સોની સમાજ તથા સોની સમાજના કૌટુંબિક સમાચારોની પ્રસિદ્ધિથી સમાજમાં ઘેર ઘેર વંચાતું થયું છે.**

- વાંચકોને વિનંતી કે તેમના તરફથી પ્રસિદ્ધ કરવા અર્થે મોકલવાના સમાચારો, લેખો, જાહેરાતો વગેરે અમોને **જે તે માસની ૪ તારીખ** સુધીમાં મોકલી આપવાના રહેશે.
- સમાચારો, વિગતો ટુંકાણમાં, મુદ્દાસર અને વાંચી શકાય તેવા અક્ષરે તથા કાગળની એક જ બાજુએ લખી મોકલી આપવાના રહેશે. **તા. ૪ પછી મળેલ સમાચારો, વિગતો ત્યાર પછીના અંકમાં પ્રસિદ્ધ થશે. આ અંગે પૂછતાછ ન કરવા વિનંતી.**
- પ્રસિદ્ધ અર્થે મોકલવામાં આવતા કોઇપણ **સમાચારોની સત્યતા કે ચોકસાઇ વિશે કે કોઇ લખાણના કોઇ પુસ્તક કે લેખકના સ્વાધીનતાના હક્કના ભંગ વિશે મોકલનારની પોતાની સંપૂર્ણ જવાબદારી રહેશે.** આ બાબતે 'સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ' કે 'પરજીયા સમાચાર' કોઇપણ રીતે જવાબદાર ગણાશે નહીં.
- **શાખ જોગ જાહેરાત/સમાચાર જે તે ટ્રસ્ટ/સંસ્થા કે મઠ/મંદિરના જવાબદાર વ્યક્તિએ પોતાના નામ, ફોન નં., મોબાઇલ નંબર તથા સરનામા સાથેની સંપૂર્ણ વિગત સાથેના લેટર હેડ પર લખી નીચે સહી અને સંસ્થાના સિક્કા સાથે મોકલવાના રહેશે. અન્યથા કોઇપણ પ્રેસનોટ લેવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેશો.**
- **સારા માઠા પ્રસંગે આપવામાં આવતા દાન/ભેટની નામાવલી (લીસ્ટ)માં** પૂરી રકમ અથવા તો અર્ધા ભાગે રાજકોટ મહામંડળને ભેટ આપવામાં આવેલ હશે તો જ ફાળાનું પુરૂં લીસ્ટ છાપવામાં લેવામાં લેવામાં આવશે, **૫૦% થી ઓછી દાન/ભેટની રકમનું પુરૂં લીસ્ટ છાંપવામાં નહિં આવે** તે રકમનો ફક્ત ઉલ્લેખ કરવામાં આવશે, અંકના પાનાની મર્યાદા માટે ના છુટકે આ નિર્ણય લેવો પડે છે, જેની નોંધ લેવા વિનંતી. **સહકારની અપેક્ષા.**
- **પ્રાસંગીક ફોટોગ્રાફ્સ કે લખાણ વ્હોટસએપ્સ દ્વારા કોઇપણ સંજોગોમાં સ્વિકારવામાં નહિં આવે જેની નોંધ લેશો.**
- 'પરજીયા સમાચાર' દર માસની ૧૫મી તારીખે અત્રેથી રવાના કરવામાં આવે છે. એટલે **'પરજીયા સમાચાર' મોડુ મળવા વિશે કે ન મળવા વિશે** વાંચકોને વિનંતી કે તેમણે **તેમના વિસ્તારના પોસ્ટમેન કે પોસ્ટઓફીસમાં** આ વિશે **રજુઆત કરવી.**

**સહકાર બદલ આભાર...** **-તંત્રી, સહતંત્રી, પરજીયા સમાચાર, રાજકોટ.**

## દુઃખદ અવસાન



### સ્વ. જેનીસ મનોજભાઇ કરચલીયા (ઉ.વ. ૨૧)

જે ભીખુભાઇ કરચલીયા અને પરેશભાઇ કરચલીયાના નાનાભાઇ મનોજભાઇ (મુન્નો) કરચલીયાના પુત્ર જેનીશનું તા. ૧૩-૦૮-૨૦૨૨ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

ઇશ્વર તેઓના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના...

મનોજભાઇ જમનાદાસ કરચલીયા (પિતા)
રૂપલબેન મનોજભાઇ કરચલીયા (માતા)
સંજયભાઇ ભીખુભાઇ કરચલીયા (મોટાભાઇ)
આનંદભાઇ ભીખુભાઇ કરચલીયા (મોટાભાઇ)
નૈમીષ મનોજભાઇ કરચલીયા (નાનાભાઇ)
પલ પરેશભાઇ કરચલીયા (ભત્રીજી)
પ્રિંસી પરેશભાઇ કરચલીયા (ભત્રીજી)
**કરચલીયા પરિવાર**

**શ્રીંગાર જ્વેલર્સવાળા, તાલાલા ગીર**

જા×ખ-૨૦૨૨

Parajiya Samachar **Regi. No. RJT/16/2021-23** Valid up to 31-12-2023 **Date : 15-09-2022**
Regi No. A.379 Rajkot R.N.I. REGN No. 11044/ Title Code:GUJGUJ05045/1967
**PARAJIYA SAMACHAR** (MONTHLY) • POST BY : **RMS-RAJKOT**




# શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ

જલારામ મંદિર રોડ, ફુલછાબ ચોક, રાજકોટ. ફોન : ૨૪૪૯૬૮૩ B. : ૨૪૪૬૨૯૩/૨૪૩૧૫૫૭



## વિદ્યાર્થી ઉત્કર્ષ ખર્ચ યોજનાનાં આર્થિક સહયોગીઓ



રૂા. ૧,૮૦,૦૦૦/– (એક વર્ષ માટે) ભીંડાવાળા હા. દુબઇ નિવાસી શ્રી મણીભાઇ વલ્લભદાસભાઇ વાયા તથા શ્રીમતી જ્યોત્સનાબેન મણીભાઇ વાયા તરફથી વિદ્યાર્થીઓના ૧ વર્ષ માટે વિદ્યાર્થી ઉત્કર્ષ ખર્ચ યોજનામાં રાજકોટ મહામંડળને દાન આપેલ છે.



## આર્થિક સહાય યોજનામાં સહયોગી દાતાશ્રી

**રૂા. ૨,૦૦,૦૦૦/– (બે લાખ પુરા) કંજ જ્વેલર્સ–દુબઇ તરફથી આર્થિક સહાય યોજનામાં એક વર્ષ માટે અતિરીક્ત રકમ માટેનું દાન.**

(હ. સુનિલભાઇ ધાનક, તંત્રીશ્રી, પરજીયા સમાચાર)

---

**જ્ઞાતિ વિકાસની વણથંભી કુચમાં આપના પ્રેરણાદાયિ યોગદાન બદલ રાજકોટ મહામંડળ હૃદયપૂર્વક આભાર માને છે**

To.

From : **Parajiya Samachar**
(Regd. No. GRJ-16)

**C/o. Shri Samast Parajiya Pattni**
**Soni Gnati Mahamandal Sanchalit**
**Shri Mohanlal Nanjibhai Pattni Comunity Hall**
Kasturba Road, Opp. Dharam Cinema, Rajkot-360 001.
Phone : 0281-2449683

માલિક : **સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ** માનદ્ તંત્રી, પ્રકાશક : **સુનીલભાઇ આર. ધાણક**
મુદ્રણ સ્થાન : **અમૃત ઓફસેટ, રાજકોટ. ફોન : ૨૪૬૧૪૨૮**
કોમ્પ્યુટરાઇઝડ્ ટાઇપ સેટીંગ • ટાઇટલ ડીઝાઇન : **સ્કેલ કોમ્પ્યુગ્રાફી, રાજકોટ. મો.: ૯૮૨૫૪ ૯૪૩૭૧**